# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-10-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# PM EKTA DIWAS SPEECH NEW

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મ જયંતિ પ્રસંગે આયોજીત રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી પ્રસંગે સંબોધન કરતા એકતાની ભાવના પર ભાર મૂક્યો હતો. પ્રધાનમંત્રીએ કહ્યું કે દેશવાસીઓએ રાષ્ટ્રીય એકતાને તોડવાનો પ્રયાસ કરનારા તત્વોથી સાવધ રહેવાની જરૂર છે.

**(BYTE – PM MODI EK HAI TO SAFE HAI BYTE)**

કેવાડિયાનાં સ્ટેચ્યૂ ઑફ યુનિટી ખાતે સંબોધન કરતા શ્રી મોદીએ સરદાર વલ્લભભાઈ પટેલના અમૂલ્ય યોગદાનને યાદ કરતા જણાવ્યું કે સરદાર પટેલની 150મી જયંતિ આગામી બે વર્ષ સુધી દેશભરમાં ઉજવાશે.

**(BYTE – PM MODI SP KRIYANJALI BYTE )**

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે આગામી 25 વર્ષમાં વિકસીત ભારતનું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે રાષ્ટ્રીય એકતા મહત્વપૂર્ણ છે. તેમણે ઉમેર્યું કે પાછલા દસ વર્ષમાં સરકાર પોતાની નીતિઓ અને નિર્ણયોથી રાષ્ટ્ર ભાવનાને નિરંતર મજબૂત કરી રહી છે.

શ્રી મોદીએ આજે સવારે એકતા નગર ખાતે સ્ટેચ્યૂ ઑફ યુનિટી પર સરદાર વલ્લભભાઈ પટેલને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. તેમણે ઉપસ્થિતોને એકતા દિવસના શપથ લેવડાવ્યા અને એકતા પરેડના સાક્ષી બન્યા. આ વર્ષે એકતા દિવસ પ્રસંગે આયોજીત આ સમારોહમાં નવ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની પોલીસ, ચાર કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ

દળો, NCC અને માર્ચિંગ બેન્ડની 16 ટુકડીઓ સામેલ હતી. શાળાના વિદ્યાર્થીઓએનું પાઇપ બેન્ડ પણ પરેડમાં સામેલ થયું હતું.

---------------

## PM MODI - KUTCH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કેવડીયાથી કચ્છ પહોંચ્યા હતા. અને કચ્છમાં ક્રીક સરહદીય વિસ્તારનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે સરહદ સુરક્ષાદળના જવાનોને મીઠાઇ ખવડાવીને દિવાળીની ઉજવણી કરી હતી.

શ્રી મોદીએ બીએસએફના અદમ્ય સાહસ અને દેશ પ્રત્યેના તેમના સમર્પણને સલામ કરી હતી.

---------------------------

## CM - PUSPANJALI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઇ ચૌધરી સહિતના મહાનુભાવોએ ગુજરાત વિધાનસભા પરિસરમાં આવેલી સરદાર પટેલની પ્રતિમા તેમજ વિધાનસભા પોડિયમમાં સરદાર પટેલના તૈલ ચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

આ પ્રસંગે ગાંધીનગરના ધારાસભ્ય રીટાબેન પટેલ, મેયર મીરાબેન પટેલ, રાજ્ય વિધાનસભાના ઇન્ચાર્જ સચિવ ચેતન પંડયા, નાયબ સચિવો, અધિકારીઓ સહિતના અગ્રણીઓએ પણ સરદાર પટેલની પ્રતિમા તેમજ તૈલચિત્રને પુષ્પ અર્પણ કર્યા હતા.

---------

# AMIT SHAH GUJARAT NEW

રાજ્યના બે દિવસીય પ્રવાસે આવેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બોટાદના સાળંગપુરમાં પ્રસિદ્ધ કષ્ટભંજન હનુમાન મંદિર પરિસરમાં શ્રી ગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવનનું લોકાર્પણ કર્યું હતું. 200 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર આ ભવનમાં અત્યાધુનિક સુવિધાઓ સાથેના અગિયારસો જેટલા કક્ષ છે.

આ પ્રસંગે સંબોધન કરતા શ્રી શાહે હનુમાનજીને આદર્શ ભક્ત, આદર્શ યોદ્ધા, આદર્શ દૂત, આદર્શ જ્ઞાની ગણાવતા સાળંગપુર સ્થાનને સામાન્ય નાગરિકો માટે પ્રેરણારૂપ સ્થાન ગણાવ્યું. શ્રી શાહ મંદિરમાં આયોજીત સમૂહ મારુતિ યજ્ઞમાં સામેલ થયા હતા. અમદાવાદથી હેલિકોપ્ટર દ્વારા સાળંગપુર પહોંચેલા કેન્દ્રીય મંત્રીનું વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયના ગાદીપતિ આચાર્ય રાકેશપ્રસાદજી સહિત અન્ય સંતો દ્વારા સ્વાગત કરાયું હતું.

કેન્દ્રીય ગૃહમંત્રી આવતીકાલે અમદાવાદના પિરાણા વેસ્ટ ડમ્પિંગ સાઈટ ખાતે રાજ્યના સૌથી મોટા વેસ્ટ ટૂ એનર્જી પ્લાન્ટનું લોકાર્પણ કરશે. 375 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલા આ પ્લાન્ટમાંથી દરરોજ એક હજાર મેટ્રિક ટન કચરામાંથી 15 મેગાવૉટ ઊર્જા ઉત્પન્ન કરાશે.

.................

# Anand milk society solar plant

અમૂલ ડેરી એટલે કે ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ દ્વારા આણંદ, ખેડા અને મહીસાગર જિલ્લાની ૭૫૦ દૂધ મંડળીઓમાં સોલર પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યો છે અને માર્ચ ૨૦૨૫ સુધીમાં સંઘની તમામ દૂધ મંડળીઓમાં સોલર પ્લાન્ટ સ્થાપિત કરવાની યોજના છે. અમૂલ ડેરીના ૭૮મા સ્થાપના દિવસ અને સરદાર પટેલની ૧૪૯મી જન્મજ્યંતિની ઉજવણી નિમિતે કણજરી અને કાપડીવાવ ખાતે સ્થાપિત સોલર પ્લાન્ટનું અને અમૂલ ટોટલ મિક્સ રાશન-TMR પ્લાન્ટનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.

એનડીડીબીના ચેરમેન ડોક્ટર મીનેશ શાહે જણાવ્યું કે, ઓડ ખાતે આવતા વર્ષ સુધીમાં કોમ્પ્રેસ્ડ બાયોગેસ પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ૨,૦૦૦થી વધુ દૂધ મંડળીના ચેરમેન અને સેક્રેટરી ઉપસ્થિત રહ્યા હતા.

-----------------

# Diwali Temple

આજે દિવાળી નિમિત્તે રાજ્યનાં મંદિરોમાં વિશેષ શણગાર અને દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.

જગત મંદિર દ્વારકાધીશ ખાતે દેશભરમાંથી મોટી સંખ્યામાં ભક્તોનું આગમન થઈ રહ્યું છે. આજે સવારથી જ દ્વારકાધીશનાં દર્શન કરવા

ભક્તોની લાંબી કતાર જોવા મળી હતી. આજે સાંજે મંદિરમાં ભગવાન શ્રીકૃષ્ણ સંગ હાંટડી ના ખાસ દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.

ભાવનગરનાં શ્રી સ્વામિનારાયણ મંદિર એટલે કે અક્ષરવાડી ખાતે સમગ્ર મંદિર પરિસરને 3,000 દીવડાઓ પ્રગટાવીને દૈદીપ્યમાન કરવામાં આવશે. સાંજનાં 5 વાગ્યે ચોપડા પૂજન પછી મંદિરમાં ભવ્ય દીપોત્સવી આરતી કરવામાં આવશે. વિવિધ રંગોની રોશની દ્વારા મંદિરને ઝળહળતું કરવામાં આવ્યું છે.

---------------------------